જાહેર નોટીશ
સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, બારડોલી પ્રાંત, બારડોલીની કોર્ટ

વાદીઃ દિનેશભાઈ નારણભાઈ પટેલ — નં.એમ.એ.જી./જન્મ-મરણ/રજી. નં. ૨૪૦/૨૦૨૬
રહે. કોળીવાડ, અલ્લુ, તા. બારડોલી, જિ. સુરત — તા. ૨૯/૦૮/૨૦૨૬
વિરૂધ્ધ
પ્રતિવાદી : જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી / ત.ક.મંત્રીશ્રી, અલ્લુ, તા. બારડોલી, જિ. સુરત

વિષયઃ જન્મ/મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) અન્વયે મરણની નોંધણી બાબત

આથી આ જાહેર નોટીશથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદાર **શ્રી દિનેશભાઈ નારણભાઈ પટેલ, રહે. કોળીવાડ, અલ્લુ, તા. બારડોલી, જિ. સુરતના દાદા વલ્લભભાઈ જીવણભાઈ પટેલ ના મરણની નોંધણી** જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટે અત્રેની કોર્ટમાં અરજી આવેલ છે.
૧. નોંધણી કરાવવાની છે તેનું નામઃ **વલ્લભભાઈ જીવણભાઈ પટેલ**
૨. તેમના મરણની તારીખઃ **૩૦/૦૯/૧૯૫૮** ૩. મરણનું સ્થળઃ **અલ્લુ, તા. બારડોલી, જિ. સુરત**

સબબ, ઉપરોક્ત વિગતે **વલ્લભભાઈ જીવણભાઈ પટેલના** મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૧૫ માં અથવા આ કામની સુનાવણી **તા. ૧૧-૦૯-૨૦૨૬** ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહી આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.
તા. ૧-૯-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો) હુકમથી, સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને નાયબ કલેકટર, બારડોલી પ્રાંત, જી. સુરત

નિવિદા નં. ૦૫. સને ૨૦૨૬ -૨૦૨૭

નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, સુરત (મા × મ) પેટા વિભાગ નં. ૧, માર્ગ અને મકાન ભવન, પાંચમો માળ, દયાળજી બાગની સામે, નાનપુરા, સુરત ફો.નં. ૨૪૬૪૧૬૧ દ્વારા મકાન મરામતના કામો નંગ-૧૩ જેની અંદાજીત કિંમત રૂ ૩.૦૦ લાખ સુધીની છે. જેના ઈર કક્ષા અને તેની ઉપરના વર્ગોમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો જરૂરી ફી ભર્યેથી આપવાની છેલ્લી તા. ૧૧/૦૯/૨૬ છે. અને ભરેલા ટેન્ડરો સ્પીડ પોસ્ટ રજી.પો.એ. ડી. થી સ્વીકારવાની છેલ્લી તા.૧૭/૦૯/૨૬ છે. સદર કામ અંગેની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મૂકવામાં આવેલ છે. બાનાની રકમ વિનાના, શરતી તેમજ મુદત વિત્યા બાદ આવેલ ભાવપત્રકો ગ્રાહય રાખવામાં આવશે નહીં. ભાવપત્રકો મંજુર કરવા કે નહીં તેની તમામ સત્તા અધિકારીની રહેશે. **ક્રમાંક . માહિતી-સુરત/૫૬૯/૨૦૨૬**

યૂको बैंक UCO BANK (भारत सरकार का उपक्रम) (A Govt. of India Undertaking)
એમ.જી. રોડ શાખા, બદરી મેન્શન, હોટલ રીલીફ સામે, સિનેમા રોડ, સુરત-395003. ફોન : 0261-2423319, E-mail : mgroad@ucobank.co.in

કબજા નોટીસ
[રૂલ ૮(૧) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ, 2002 હેઠળ]

આથી નીચે સહી કરનાર **યુકો બેંક, એમ.જી.રોડ શાખા, સુરત**ના અધિકૃત અધિકારીશ્રીએ સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, 2002 (54 ઓફ 2002) તથા એક્ષરસાઈઝ ઓફ પાવર્સ કન્ફર્ડ નિયમો, કલમ 13(12) નિયમ 3 સહિત સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ 2002 અંતર્ગત મળેલ સત્તાની રૂએ **તા. 29-05-2026** ના રોજ (કરજદાર) **શ્રી સદાનંદ વિદ્યાધર પાઠક અને શ્રીમતી આશા સદાનંદ પાઠક**ને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી. સદર નોટીસમાં પાઠવેલી રકમ **રૂ.5,74,758.48 (રૂપિયા પાંચ લાખ ચુંમ્મોતેર હજાર સાત સો અટ્ઠાવન અને અડતાલીસ પૈસા પૂરા) તા. 29-05-2026 ના રોજ (તા.30-04-2026 થી લાગુ વ્યાજ સાથે)** તથા તમે કરારના દરે આગળનું વ્યાજ અને આકસ્મિક ખર્ચાઓ, કોસ્ટ, ચાર્જીસ વગેરે ચુકવવા માટે જવાબદાર છો.
કરજદાર સદરહુ રકમ પરત ચુકવવામાં નિષ્ફળ જતા કરજદાર/જામીનદાર અને જાહેર જનતાને આ સાથે નોટિસ આપવામાં આવે છે કે સહી કરનારે સદરહુ ઉપરોક્ત કલમ 13(4) અને સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ નિયમ 2002ના નિયમ 8 સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ નીચે જણાવેલી મિલકતનો **સાંકેતિક કબજો તા. 03-09-2026**ના દિને સંભાળી લીધેલ છે.
કરજદાર/જામીનદાર અને જાહેર જનતાને આથી જાહેર ચેતવણી આપવામાં આવે છે કે, તેમણે સદરહુ મિલકત બાબતમાં કોઈ વ્યવહાર કરવો નહીં અને કોઈપણ **યુકો બેંક, એમ.જી. રોડ શાખા, સુરત માટે રૂ.5,74,758.48 (રૂપિયા પાંચ લાખ ચુંમ્મોતેર હજાર સાત સો અટ્ઠાવન અને અડતાલીસ પૈસા પૂરા) તા. 29-05-2026 ના રોજ (તા.30-04-2026 થી લાગુ વ્યાજ સાથે)** તથા કરારના દરે આગળનું વ્યાજ અને આકસ્મિક ખર્ચાઓ, કોસ્ટ, ચાર્જીસ વગેરે ચુકવવા માટે જવાબદાર છો.
અહીં કરજદારનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે કે, જણાવેલ સમય મર્યાદામાં સેક્શન 13ના સબ સેક્શન (8) હેઠળ તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

: સ્થાવર મિલકતનું વર્ણન :
તમામ ભાગ અને હિસ્સા સાથે મિલકત, પ્લોટ નં. 120, માપ 40.04 ચો.મી., રસ્તા અને સીઓપીમાં અવિભાજીત હિસ્સાનું માપ 25.62 ચો.મી., "સિદ્ધિ વિનાયક રેસીડેન્સી", બ્લોક નં. 126, રેવન્યુ સર્વે નં. 98, માપ 24259 ચો.મી., ગામ બગુમરા, સબ ડિસ્ટ્રી. સુરત. જે મિલકત શ્રી સદાનંદ વિદ્યાધર પાઠકના નામે સ્થિત છે. જે મિલકતની ચતુર્સિમા : ઉત્તર : પાછળની તરફ માર્જીન અને પ્લોટ નં. 87, દક્ષિણ : સોસાયટીનો આંતરિક રસ્તો, પૂર્વ : પ્લોટ નં. 121, પશ્ચિમ : પ્લોટ નં. 119.
તા. 03-09-2026 | સ્થળ : કડોદરા, સુરત. — **અધિકૃત અધિકારી, યુકો બેંક, એમ. જી. રોડ શાખા.**

જાહેર નોટીસ સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, બારડોલી પ્રાંત, બારડોલીની કોર્ટ

વાદી :- જ્યોતિબેન બચુભાઇ રાઠોડ તે રાજુભાઇ ચૌધરીની પત્ની — નં. એમ.એ.જી./જન્મ-મરણ/રજી.નં. ૨૨૯/૨૦૨૬ — તા. ૨૯/૦૮/૨૦૨૬
રહે.:- પલસોદ, તા.બારડોલી, જિ.સુરત. વિરુધ્ધ
પ્રતિવાદી : જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી/ત.ક.મંત્રીશ્રી મોટી ફળોદ,તા.બારડોલી,જિ.સુરત.
<u>વિષય :- જન્મ/મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.</u>
આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી જ્યોતિબેન બચુભાઇ રાઠોડ તે રાજુભાઇ ચૌધરીની પત્ની, રહે.:- પલસોદ, તા.બારડોલી, જિ.સુરતના પુત્રી હેની રાજુભાઇ ચૌધરીના જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટે અત્રેની કોર્ટમાં અરજી આવેલ છે.
૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: હેની રાજુભાઇ ચૌધરી ૨. તેમના જન્મની તારીખ: ૦૨/૧૧/૨૦૧૭ ૩. જન્મનું સ્થળ: મોટી ફળોદ, તા.બારડોલી,જિ.સુરત
સબબ, ઉપરોક્ત વિગતે હેની રાજુભાઇ ચૌધરીનાં જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઇ ઇસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૧૫માં અથવા આ કામની સુનાવણી તા.૧૧/૦૯/૨૦૨૬નાં રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા. ૦૧/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
(કોર્ટનો સિક્કો) હુકમથીઃ-સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, અને નાયબ કલેકટર, બારડોલી પ્રાંત, જી.સુરત.

ઓરીજનલ દસ્તાવેજ ગેરવલ્લે થયેલ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ અડાજણ સુરત સીટીના, **મોજે ગામ : ઈચ્છાપોરનાં** રે. સર્વે નં.૯૦૭ થી નોંધાયેલી બીનખેતીની જમીન પર આયોજન કરવામાં આવેલ **"જયરાજ સોસાયટી"** ના નામથી ઓળખાતી સોસાયટીમાં આવેલ પ્લોટો પૈકી **પ્લોટ નંબર : ઈ/૧૯** થી નોંધાયેલ મિલકત જેનું ક્ષેત્રફળ **૫૧.૬૩ ચો.મી. છે.** જેમાં **ગ્રાઉન્ડ ફ્લોર** તથા **પહેલા માળ તથા બીજા માળ પતળાનું** બાંધકામ કરવામાંઆવેલ છે. જેનું બિલ્ટઅપ એરીયા ક્ષેત્રફળ સુમારે **૧૧૯.૨૮ ચો.મી.** માં બાંધકામ**વાળી મીલકત શ્રી વિષ્ણુ લીલાધર અગ્રવાલના માલીકીની ચાલી આવેલ છે. સદરહુંમીલકતના ચેઈન દસ્તાવેજી પુરાવાઓ જેમાં ૧.વેચાણ દસ્તાવેજ નં.૩૯૫૫, તા. ૧૧.૦૫.૧૯૮૭ નો અસલ વેચાણ દસ્તાવેજ તથા તેની રજીસ્ટ્રેશન કર્યાની રસીદ ક્યાંક ગેરવલ્લે યાને ગુમ થયેલ છે.** અને ઘણી શોધખોળ કરવા છતાં મળી આવેલ નથી. જેથી સદરહુ મીલકત ઉપર કોઈ વ્યકિત, શખ્સ, સંસ્થા, બેંક કે સરકારશ્રી કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગ–ભાગ, હકક–હિસ્સો, અગ્રહકક, ઈઝમેન્ટ રાઈટસ કે દર–દાવો આવેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે તે અંગેના લેખિત આધાર–પુરાવા સાથે **દિન–૭** માં અમોને નીચેના સરનામે રૂબરૂ લેખિત જાણ મુદત વીત્યેથી સદરહુ મીલકત અંગે કોઈની કોઈપણ પ્રકારની તર–તકરાર ચાલશે નહી. જેની આથી લાગતા વળગતા તમામ તથા જાહેર જનતાએ છેવટની નોંધ લેવી.

Office No.02, Ground Floor, Plot No.P/14, Jayraj Society, Nr Ambica Furniture, Ichchhapore-3, Hazira Road, Surat-394510. (M) 9998988219 — **પ્રદિપ એન. પટેલ** એડવોકેટ

શેર સર્ટીફીકેટ ગુમ થયા અંગેની જાહેર નોટીસ

ડિસ્ટ્રિક્ટ-સુરત, સબડિસ્ટ્રિક્ટ-સુરત શહેર ના વોર્ડ નંબર-૪ ના સિટી સર્વે નંબર-૨૦૬૫, ૨૦૬૬ પૈકી, ૨૦૬૪/બી પૈકી, ૨૦૬૦ પૈકી, ૫૧૩૬ તથા ૫૧૩૯ વાળી જમીન પર રાધાક્રિષ્ણા ટેક્ષટાઈલ માર્કેટ કોમર્શિયલ કો.ઓ.સર્વિસ સોસા.લિ. (રજીસ્ટ્રેશન નંબર-એચયુઆર/સા(કો)-૧૨૧૦૭/૨૦૧૯) દ્વારા બાંધવામાં આવેલ ''રાધાક્રિષ્ણા ટેક્ષટાઈલ માર્કેટ'' ના ગ્રાઉન્ડ ફલોર પર ''એફ'' રો માં આવેલ દુકાન નંબર-૪૨૨ વાળી મિલકત તથા ગ્રાઉન્ડ ફલોર પર ''એચ'' રો માં આવેલ દુકાન નંબર-૫૫૧ વાળી મિલકત ના પ્રાથમિક સભાસદ તરીકે બશીર અબ્દુલગફાર ગોડીલ ને અલોટ કરવામાં આવેલ. દુકાન નં.-૪૨૨ ને શેર સર્ટિફિકેટ નં.-૪૨૨, શેર રજીસ્ટર નંબર-૨૧૦૬ થી ૨૧૧૦ અને દુકાન નં.-૫૫૧ ને શેર સર્ટિફિકેટ નં.-૫૫૧, શેર રજીસ્ટર નંબર-૨૭૫૧ થી ૨૭૫૫ એમ રૂા.૧૦૦ ના એક એવા પાંચ શેર તા.૦૯/૧૧/૨૦૨૨ ના રોજ ફાળવી આપેલ. આમ, હાલમાં સદરહુ મીલકતો બશીર અબ્દુલગફાર ગોડીલની સંપૂર્ણ અને સ્વતંત્ર માલિકીની તથા શાંત અને પ્રત્યક્ષ કબજા-ભોગવટાની હોવાનું તેમજ કોઈપણ કાનૂની કાર્યવાહીમાં સંડોવાયેલ ન હોવાનું તથા ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી તેમજ સદરહુ મીલકત અંગે સોસાયટીના શેર સર્ટીફીકેટ ગુમ યાને ગેરવલ્લે થયેલ હોવાનું જણાવી હમારા અસીલ સોસાયટી પાસેથી ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ મેળવવા અંગે અરજી આપેલ છે. જે સંજોગોમાં સદરહુ અસલ શેર સર્ટીફીકેટ જો કોઈના કબજામાં હોય યા અન્ય કોઈ બેંક, નાણાંકીય સંસ્થા યા વ્યકિતનો હરકોઈ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, દરદાવો, લાગભાગ, બોજો યા ચાર્જ હોય તો તે અંગે આ નોટીસ પ્રસિધ્ધ થયાના દિન-૭ માં સોસાયટી વતી અને તરફે હમોને નીચે જણાવેલ સરનામે દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જો આ પ્રકારે કોઈ વાંધા યા રજુઆત ન મળશે તો મુદ્દત વિત્યેથી મજકુર મિલકતોમાં કોઈનો કોઈપણ પ્રકારે હકક, હિત, સંબંધ, બોજો યા ચાર્જ વગેરે નથી અને હોય તો ત્યજી દીધો છે તથા મજકુર અસલ શેર સીર્ટીફીકેટ ખરેખર ગેરવલ્લે યાને ગુમ થયેલ છે એવું માનીને ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ આપવા અંગેની કાર્યવાહી સોસાયટી તરફે કરવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહીં જેની સંબંધ સર્વેએ નોંધ લેવી.

સરનામું : ૧૦૮, સ્નેહસ્મૃતિ શોપીંગ સેન્ટર, ધર્મરાજ સુઝુકીના શો રૂમની બાજુમાં, અડાજણ પાટીયા, રાંદેર રોડ, સુરત.-૩૯૫૦૦૯. મો.નં. ૯૮૭૯૩ ૮૨૮૫૬ — **હેત્વી પી. શાહ** તે રાધાક્રિષ્ણા ટેક્ષટાઈલ માર્કેટ કો.ઓ.સર્વિસ સો.લિ.ના એડવોકેટ

કબજા ફાઈલ વાળી મિલકતના વેચાણ અંગેની જાહેર નોટીસ

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ પુણાના, મોજે ગામ પુણાના રે.સર્વે નંબર ૪૬૫/૩, પૈકી નોંધાયેલ જમીનમાં આવેલ ''ખોડીયારનગર સોસાયટી'' જેમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી જુના પ્લોટ નં.૨૭,નવા પ્લોટ નંબર-૧૦ના બાંધકામ વાળી મિલકત જેની સાઈઝ ૧૨ × ૩૫ ફુટ યાને ક્ષેત્રફળ ૪૨૦ ચો.ફુટ થાય છે તે વિગત ને વર્ણનવાળી મીલકત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના હકક, હિત સહિતની મિલકત હમો નીચે સહી કરનાર યાને **દેવીદાસ ચીંદુભાઇ વસા**ને ની પોતાની સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટા, વહીવટ ચાલી આવેલ છે. જે મીલકત હમોએ **જગતસિંગ છત્રસિંગ ગિરાસે** નાઓ પાસેથી તા.૨૭/૧૨/૨૦૦૬ ના રોજ કબજા સહીતના વેચાણ કરાર થી ખરીદ કરેલ. તથા તેઓ યાને **જગતસિંગ છત્રસિંગ ગિરાસેનાઓએ ધરમશીભાઇ દલપતભાઇ પ્રજાપતિ વિગેરે નાઓ પાસેથી તા.૦૮/૧૧/૧૯૯૬** ના રોજ કબજા સહીતના વેચાણકરારથી ખરીદ કરેલ તથા તેઓ યાને **ધરમશીભાઇ દલપતભાઇ પ્રજાપતિ** એ મુળમાલીક પાસેથી કબજા સહીતના વેચાણકરારથી ખરીદ કરેલ તે કબજા રસીદ તથા તે અગાઉની ઓરીજનલ કબજા સહીતનો વેચાણ કરાર કયાંક ગુમ થયેલ છે અને આજદિન સુધી મળી આવેલ નથી. જેથી સદરહુ મીલકત કે તેના કોઈપણ ભાગ ઉપર કોઈ પણ વ્યકિત, બેન્ક કે સંસ્થાનો વાંધો, હકક, હિસ્સો, લાગભાગ, દરદાવો, તરતકરાર, હિત સંબંધ કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈપણ રીતે હકક હિસ્સો હોય અથવા ખોરાકી પોષાકીનો હકક, અધિકાર, ચાર્જ બોજો કે લોન હોય તો નીચેના સરનામે રૂબરૂ આવી દિન-૭ માં પુરાવા સહીત લેખીત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદ્દત વિત્યે સદર મીલકતમાં કોઇ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ જાતનો હકક, હિસ્સો કે લેણું નથી અને હોય તો જતો કરેલ છે તેવુ માની હમો **સુનીલ પ્રવીણભાઇ રાઠોડ** ને અસલ પાકો કબજા સહીતનો વેચાણ કરાર કરી વેચાણથી આપીશુ. ત્યારપછી કોઈપણ વ્યકિત કે સંસ્થાની કોઈ પણ જાતની તરતકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોધ લેવી. સુરત તા.૦૮/૦૯/૨૦૨૬

ઓફિસ : ૩૦૩, ત્રીજો માળ, સમર્થ પાર્ક કોમ્પ્લેક્ષ, અર્ચના સ્કુલ સામે, પુના બોમ્બે માર્કેટ રોડ, સુરત. મો.નં. ૯૮૭૯૩ ૪૭૭૯૨ — **આર.બી. હડિયા** તે સુનીલ પ્રવીણભાઈ રાઠોડના એડવોકેટ

પર્યુષણ પર્વ ભીતરની રાગ-દ્વેષરૂપી ગાંઠોને ભેદી નાંખવા માટેનું પર્વ:આ.પદ્મદર્શનસૂરિજી

સુરત, તા.૭

સંસારરૂપી ચક્ર અવિરતપણે ચાલ્યા કરે છે. ચાર ગતિના બનેલા સંસારમાં જીવાત્માનું કર્મોના કારણે પરિભ્રમણ ચાલે છે. ચાર ગતિમાં શ્રેષ્ઠ ગતિ માનવની છે. અતિ સુખ કે અતિ દુઃખની અવસ્થામાં કોઈ પણ વ્યક્તિ ધર્મ કરી શકતો નથી. મધ્યમ ગતિનાં સુખ કે દુઃખમાં જ જીવ ધર્મ કરી શકે છે. માનવગતિ એ ધર્મની મોસમ છે. સંપૂર્ણ દુઃખમુક્તિ કે દોષમુક્તિ માનવભવની સાધના દ્વારા જ થઈ શકે છે. દેવનો જન્મ ભલે દુઃખ વિનાનો હોય, દેવનું શરીર ભલે રોગ વિનાનું હોય અને મૃત્યુ વખતની વેદના બગાસું કે છીંક ખાઈએ તેટલું હોય છતાં પણ સમકિતી દેવો તો મનુષ્ય જીવનને જ પસંદ કરે છે. માનવનો જન્મ મળે અને મહાવીરનો ધર્મ મળે એટલે બેડો પાર.


પર્યુષણ પર્વઃ પ્રથમ દિવસ

પ્રભુનાં વચનો ઉપર શ્રદ્ધા અને સંયમજીવન મનુષ્યભવમાં જ સુલભ છે. પ્રભુનાં વચનો પ્રત્યેની શ્રદ્ધા એ તિલક છે, સંયમજીવન એ તલવાર છે. દેવ, નારક અને તિર્યંચ ગતિમાં તિલક મળી શકે પણ તલવાર તો માનવભવમાં જ મળી શકે. પ્રભુ મહાવીરદેવે આચારાંગસૂત્રમાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, "જુદ્ધાધરિહં ખલુ દુલ્લહં." યુદ્ધની ક્ષણો અત્યંત દુર્લભ છે. પ્રભુ કહે છે, 'ઊઠાવ તલવાર અને લડી લે યુદ્ધ.' કામ-ક્રોધાદિ દોષો એ જ આપણા સાચા અર્થમાં દુશ્મનો છે. બહાર ક્યાંય લડવાનું નથી. અંદરના શત્રુઓ જ ખુંખાર છે. સંયમરૂપી તલવાર લઈને અંદરના શત્રુઓ સામે સંગ્રામ ખેલવાનો છે.

પર્વાધિરાજ પર્યુષણમાં કર્મો સામે મોરચો ખોલવાનો છે. પર્યુષણ પર્વ ભીતરની રાગ-દ્વેષરૂપી ગાંઠોને ભેદી નાંખવા માટેનું પર્વ છે. આપણે દૈનિક જીવનમાં કુટુંબ, પરિવાર, સમાજ અને સ્વજનો સાથે વૈરની ગાંઠ બાંધી દેતા હોઈએ છીએ. આ ગાંઠને ગાળી દેવાનું અને બાળી દેવાનું કામ પર્યુષણ પર્વની આરાધના કરે છે. પર્યુષણ પર્વના પ્રથમ દિવસે પાંચ કર્તવ્યોની મહત્તા બતાવવામાં આવી છે. (1) અમારિપ્રવર્તન (2) સાધર્મિક ભક્તિ (3) ક્ષમાપના (4) અઠ્ઠમ તપ અને (5) ચૈત્યપરિપાટી.

જૈન ધર્મની પાયાની ઈંટ તરીકે અહિંસા ધર્મ છે. જ્યાં હિંસા છે ત્યાં કોઈ ધર્મ નથી. મન,વચન અને કાયાથી કોઈ પણ હિંસા કરવાની નથી. તમને જો સુખ ગમે છે તો સહુને સુખનું પ્રદાન કરો. માત્ર કતલખાને જતા જીવોની જ રક્ષા કરવાની છે એટલું જ નહીં પણ સંસ્કૃતિ, સદાચાર, સંસ્કાર, સંતાન, ઘરનાં મા-બાપ વગેરે દ્વારા અહિંસાના આદર્શોની રક્ષા કરવાની છે. સમગ્ર વિશ્વમાં અહિંસાના આંદોલનો વિસ્તરે એ માટે સંકલ્પ કરવો જોઈએ. હિંસાના હડકવાએ વિશ્વને ભીંસમાં લીધું છે. હુંડિયામણ કમાવવા માટે સરકાર પણ આજે બેફામપણે માંસની નિકાસ કરી રહી છે. અબોલ પશુઓની મુંગી ચીસનાં કારણે ગગનમંડળ વ્યાપ્ત બન્યું છે. આથી જ ઋતુચક્રમાં પરિવર્તન આવ્યું છે. ધરતીકંપો, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, અલનિનોના મૂળમાં હિંસાનો હડકવા છે.

જહાંગીરાબાદમાં રસ્તાથી મળેલા તૂટેલા મોબાઈલમાં બ્લાસ્ટ થતા યુવક ઈજાગ્રસ્ત

પુરણ પોમલા ખિસ્સામાં મૂકી ATMમાં નાણા ઉપાડવા ગયો અને બ્લાસ્ટ થયો

સુરત, તા.૭

જહાંગીરાબાદ નજીક રસ્તામાં મળેલો તુટેલો મોબાઈલ ફોન ઉપાડીને ખિસ્સામાં મુકી એટીએમ સેન્ટરમાં નાણા ઉપાડતી વેળા આ ફોન બ્લાસ્ટ થતાં યુવક ઈજાગ્રસ્ત બન્યો હતો.

મૂળ અમદાવાદનો વતની અને હાલ જહાંગીરાબાદના અંબિકા નગરમાં રહેતો ૩૫ વર્ષીય પરૂણ બાબુ પોમલા પ્રિન્ટિંગ પ્રેસના વ્યવસાય સાથે સંકળાયેલો છે. રવિવારે બપોરે તે ઘર નજીકના એટીએમમાંથી રૂપિયા ઉપાડવા ગયો હતો. ભેંસાણ રોડ પર પવિત્ર રેસીડેન્સી પાસેથી પસાર થતી વખતે રસ્તા પરથી તૂટેલી ડિસ્પ્લેવાળો ઓપ્પો કંપનીનો એન્ડ્રોઈડ મોબાઈલ મળી આવતા તેણે ખિસ્સામાં મૂકી દીધો હતો.

ત્યારબાદ એટીએમમાં નાણાં ઉપાડતી વખતે અચાનક ખિસ્સામાં રહેલો આ મોબાઈલ બ્લાસ્ટ થયો હતો. જેમાં તે ગંભીર રીતે દાઝી ગયો હતો. રાહદારીઓએ ૧૦૮ મારફતે નવી સિવિલ હોસ્પિટલ પહોંચાડતા સારવાર બાદ તેમને રજા અપાઈ હતી.

અસલ શેર સર્ટીફીકેટ ગુમ થયા અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે સુરત ડીસ્ટ્રિક્ટ, સબ ડીસ્ટ્રિક્ટ સુરત સીટી (હાલ-પુણા) તાલુકાનાં મોજે ગામ કુલપાડા મુકામે બીનખેતીના સર્વે નંબર ૧૩૦/૧ પૈકી થી નોંધાયેલી બીનખેતીની જમીનમાં આવેલ "રામબાગ કો.ઓ.હાઉસીંગ સોસાયટી લી." જે સહકારી કાયદા મુજબ નોંધાયેલ રજીસ્ટર્ડ સહકારી મંડળી છે જેનો રજી. નં. ઘ-૬૪૧૩ છે. જે સોસાયટી દ્વારા પાડવામા આવેલ રહેણાંકના પ્લોટો પૈકી પ્લોટ નં. ૧ વાળી સંપૂર્ણ બાંધકામવાળી મિલકતનાં મુળ સભાસદ રવજીભાઈ ખોડાભાઈ કાનાણી તા. ૦૨/૧૦/૧૯૮૮ નાં અરસામાં થયા હતા. ત્યારબાદ મર્હુમ રવજીભાઈ ખોડાભાઈ કાનાણી શહેર સુરતમાં તા. ૦૧/૦૨/૧૯૯૬ ના રોજ ગુજરી ગયેલ. પરંતુ મર્હુમ રવજીભાઈ ખોડાભાઈએ તેની હયાતીમાં સોસાયટીમાં નોમીનેશન તરીકે કિશોરભાઇ રવજીભાઇ કાનાણી તથા દિનેશભાઇ રવજીભાઇ કાનાણીનાઓને તેમની હયાતી બાદ નોમીની તરીકે નિયુક્ત કર્યા હતા અને જેથી મજકુર પ્લોટ વાળી મિલક્ત સોસાયટી દફતરે કિશોરભાઇ રવજીભાઇ કાનાણી તથા દિનેશભાઇ રવજીભાઇ કાનાણીના નામ સભાસદ તરીકે દાખલ કરવામાં આવેલ છે. જે અંગેનો વેચાણ દસ્તાવેજ કિશોરભાઇ રવજીભાઇ કાનાણી તથા દિનેશભાઇ રવજીભાઇ કાનાણીને તે મર્હુમ રવજીભાઈ ખોડાભાઈ કાનાણીના નોમીની તરીકે સોસાયટીના સભાસદ બનેલ હોવાથી પ્રમુખશ્રી જીતેન્દ્રકુમાર ઈશ્વરલાલ પટેલ તથા સેક્રેટરીશ્રી પરસોતમભાઈ હરીભાઈ પટેલએ કરી આપેલ હતો. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મે. નવાગામના સબ-રજીસ્ટ્રાર સાહેબ ની કચેરીમાં અનુક્રમ નં. ૪૦૬૧ થી તા. ૦૧/૧૨/૨૦૦૩ ના રોજ નોંધાયેલ છે. આમ, ત્યારથી સોસાયટી તરફથી અસલ શેર સર્ટીફીકેટ નં. ૫૬ થી ૬૦ માં કિશોરભાઇ રવજીભાઇ કાનાણી તથા દિનેશભાઇ રવજીભાઇ કાનાણીનું નામ ચડાવી કિશોરભાઇ રવજીભાઇ કાનાણી તથા દિનેશભાઇ રવજીભાઇ કાનાણીના નામે અસલ શેર સર્ટીફીકેટ ફાળવવામાં આવેલ. જે અસલ શેર સર્ટીફીકેટ નં. ૫૬ થી ૬૦ ગુમ યાને ગેરવલ્લે થઈ ગયેલ હોવાની સોસાયટીને જાણ કરી સોસાયટી પાસેથી ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી મજકુર અસલ શેર સર્ટીફીકેટ કોઈપણ વ્યક્તિ, સંસ્થા યા બેંક વિગેરેના કબજામાં હોય અગર કોઈપણ જાતનો ચાર્જ, બોજો, હક્ક, હીત, હિસ્સો, લાગભાગ, દરદાવો, કબજો, ગીરો, લિયન વિગેરે હોય તો તેઓએ આ નોટીસ મળવ્યથી દિન-૭ માં તેમના વાંધા તે અંગેના દસ્તાવેજી પુરાવા સહિત હમો સોસાયટીને મોકલી આપવા તથા સંપર્ક કરવો. સદરહુ મુદત વિત્યેથી કોઈના કોઈપણ જાતના વાંધા, બોજા નથી એવું સમજી સોસાયટી ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ ઈસ્યુ કરશે. જેની લાગતા વળગતા તમામએ નોંધ લેવી.
કિશોરભાઇ રવજીભાઇ કાનાણી તથા દિનેશભાઇ રવજીભાઇ કાનાણી, ૧, રામબાગ કો.ઓ.હાઉસીંગ સોસાયટી લી. ના સભ્ય — લી. પ્રમુખશ્રી, રામબાગ કો.ઓ.હાઉસીંગ સોસાયટી લી.

જી-૮૬, એ-ટાવર, ડાયમંડ વર્લ્ડ, મીની બજાર વરાછા રોડ, સુરત. મો.નં.૯૨૭૫૦-૦૧૭૫૧ — અમારી મારફત **મિલન જી. રોય** (એડવોકેટ)

ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી તમામ લાગતા વળગતાને જણાવવાનું કે ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડિસ્ટ્રીકટ શહેર સુરતનાં ગલેમંડી મોટીશેરી વિસ્તારમાં આવેલ **વોર્ડ નંબર : ૬, સીટી સર્વે નંબર : ૫૩૪** વાળી મિલકત તથા **સીટી સર્વે નંબર : ૫૩૫** વાળી મિલકત પૈકી દક્ષિણ તરફનો અડધો હિસ્સો, કે જે બંને **સીટી સર્વે નંબર : ૫૩૪ તથા સીટી સર્વે નંબર : ૫૩૫/૨** નું એકત્રીકરણ થતા હાલ **સીટી સર્વે નંબર : ૫૩૪** થી નોંધાયેલી ક્ષેત્રફળ ૪૨.૬૪૨૬ ચો.મી. વાળી ખુલ્લી જમીન તથા તેને લાગતા વળગતા અંદરનાં તથા બહારનાં તમામ હકકો સહીતની દરોબસ્ત મિલકત **રક્ષાબેન મહેશકુમાર મોદીની** સ્વતંત્ર માલિકી, કબજા હેઠળ ચાલી આવેલ છે. તથા ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડિસ્ટ્રીકટ શહેર સુરતનાં ગલેમંડી મોટીશેરી વિસ્તારમાં આવેલ **વોર્ડ નંબર : ૬, સીટી સર્વે નંબર : ૫૩૫** વાળી મિલકત પૈકી ઉત્તર તરફનો અડધો હિસ્સા તથા **સીટી સર્વે નંબર : ૫૩૬** વાળી મિલકત, કે જે બંને **સીટી સર્વે નંબર : ૫૩૫/૧ તથા સીટી સર્વે નંબર : ૫૩૬** નું એકત્રીકરણ થતા હાલ **સીટી સર્વે નંબર : ૫૩૫/૧** થી નોંધાયેલી ક્ષેત્રફળ ૪૦.૯૭૦૪ ચો.મી. વાળી ખુલ્લી જમીન તથા તેને લાગતા વળગતા અંદરનાં તથા બહારનાં તમામ હકકો સહીતની દરોબસ્ત મિલકત (૧) **રક્ષાબેન મહેશકુમાર મોદી, આનંદ મહેશભાઇ મોદી તથા જેકી મહેશભાઇ મોદીની** સંયુકત માલિકી, કબજા હેઠળ ચાલી આવેલ છે. સદરહુ મિલકતનાં અગાઉનાં માલીકીના દસ્તાવેજો જેવા કે મરણ દાખલા તથા પેઢીનામા **ગુમ/ગેરવલ્લે થયેલ છે / ખોવાઇ ગયેલ છે.** જેથી જો તે કોઇના કબજામાં હોય યા સદરહું મિલકતમાં જો કોઇ બેંક, નાણાકીય સંસ્થા યા વ્યકિતનો હરકોઇ પ્રકારનો હકક, હિત, સંબંધ, હિસ્સો, દરદાવો, લાગભાગ, બોજો યા ચાર્જ હોય તો તે અંગે આ નોટિસ પ્રસિધ્ધ થયાના દિન-૭ માં હમોને નીચે જણાવેલ ઠેકાણે દસ્તાવેજી પુરાવા સહિત જાણ કરવી. જો સદર મુદ્દતમાં આ પ્રકારે કોઇ વાંધા યા રજૂઆત પુરાવા સહિત ન મળશે તો મજકુર મિલકતમાં કોઇનો કોઇપણ પ્રકારનો હકક, હિત, સંબંધ, બોજો યા ચાર્જ વિગેરે નથી અને હોય તો તે ત્યજી દીધેલ છે તેમ માનીને મુદ્દત વીત્યેથી અમો એડવોકેટ દ્વારા ન વાંધા પ્રમાણપત્ર (એન.ઓ.સી.) ઇસ્યુ કરવામાં આવશે અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી, જેની સંબંધિત સર્વેએ નોંધ લેવી.

<u>ખોવાઇ ગયેલ દસ્તાવેજની વિગત</u>
૧. સ્વ. ભારતીબેન કિરીટકુમાર ભાવસાર તે સુર્યકાંત ભાવસારની પુત્રીના પેઢીનામાની નકલ. ૨. સ્વ. મણિલાલ રામચંદ્રના પેઢીનામાની નકલ. ૩. સ્વ. સુર્યકાંત ભીખાભાઇ ભાવસારના પેઢીનામાની નકલ. ૪. સ્વ. સુર્યકાંત ભીખાભાઇ ભાવસારના મરણ દાખલાની નકલ.

૨/૨૮૬૯, શોપ નં. ૩, ફેન્સી એપાર્ટમેન્ટ, માળીવાડ, સગરામપુરા, સુરત-૩૯૫૦૦૨. મો. ૯૭૨૫૯ ૮૩૮૨૫, ૮૧૬૦૮ ૫૫૦૫૯. — **સાબીર એસ. શેખ** એડવોકેટ

ટાઈટલ ક્લીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી તમામ લાગતા વળગતાને જણાવવાનું કે, જીલ્લા નવસારીના તાલુકા જલાલપોર ના મોજે વેસ્મા-સડોદર જૂથ ગામે ગામતળની જમીન ઉપર ગ્રામ પંચાયત ઘર નં. ૨૯૪૩ વાળી મિલકત, જેનું પ્લોટેડ એરિયાનું ક્ષેત્રફળ ૭૨.૪૧ ચો.મી. તથા બાંધકામનું કુલ ક્ષેત્રફળ ૧૫૬.૮૯ ચો.મી. છે તે મિલકત વિજુકુમાર બચુભાઈ પટેલના સ્વતંત્ર નામે ચાલી આવેલ હતી અને છે. આમ, સદર મિલકત તેમની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટા, વહીવટ હેઠળની ચાલી આવેલ છે. તેઓ સદર મિલકત અન્વયે બેંક ખાતેથી લોન મેળવવા માંગતા હોઈ, જેથી મારી પાસેથી ટાઈટલ ક્લીયરન્સ રિપોર્ટ ની માંગણી કરેલ છે. તેથી સદરહુ મિલકત બાબતે કોઈ પણ વ્યક્તિ, નાણાંકીય સંસ્થા, સહકારી સંસ્થા કે અન્ય કોઈ પણ રાષ્ટ્રીયકૃત બેંક કે ખાનગી બેંક કે અન્ય વ્યક્તિગત ઈસમ નો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક-હિસ્સો, દર-દાવો, બોજો હોય તો હાલની આ નોટીસ પ્રસિદ્ધ થયે દિન સાતમાં લેખિત દસ્તાવેજી પુરાવા સહિત વાંધા નોંધાવવા. પરંતુ જો મુદતસર તેમ કરવામાં કસૂર થશે તો સદર મિલકત સબંધે કોઈનો કોઈ પણ પ્રકારનો વાંધો, હરકત, અડચણ નથી એવું માની લઈ હમારા અસીલને સદર મિલકત અંગે ટાઈટલ ક્લીયરન્સ રિપોર્ટ આપી દેવામાં આવશે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી. તા.૦૮-૦૯-૨૦૨૬

એડ્રેસઃ ૧૧૪,પહેલા માળ,ધર્મભક્તિ કોમ્પલેક્ષ, બેન્ક ઓફ બરોડાની સામે, પંચહાટડી પાસે, નવસારી. મો. ૯૮૭૯૯ ૨૨૨૭૮ — **ડિમ્પલ સી. ગાંધી** (એડવોકેટ)

જાહેર ચેતવણી

આથી આ જાહેર ચેતવણી થી જાહેર જનતા તથા લાગતા વળગતા જોગ જણાવવાનું કે, બાજુમાં દર્શાવેલ ફોટા વાળી મારી પુત્રી માધવી પ્રકાશભાઈ ઝડફીયા, ઉ.આ.વ. ૨૦ (જ.તા. ૧૮.૦૧.૨૦૦૬) અને જે હાલમાં અમોના કહ્યામાં નથી અને સમાજીક રાહે ઘણું સમજાવવા છતાં સમજતા આવેલ નથી અને પોતાની મરજી મુજબનું વર્તન કરતી હોય અને નાની ઉમરમાં લગ્ન કરવાની ઈચ્છા ધરાવતી હોય અને જે અંગે ઘણું સમજાવવાના પ્રયત્નો કરવા છતાં સમજી શકેલ ન હોય જેથી આ અમોની પુત્રી માધવી સાથે કોઇપણ પ્રકારના વ્યવહારો કરવા નહિ અને જો કોઇપણ વ્યક્તિ કોઇપણ પ્રકારના વ્યવહારો કરશે તો તેની સંપૂર્ણ જવાબદારી તેવા વ્યવહારો કરનારની રહેશે તેમાં અમો માતા પિતા તરીકે અમોની કોઈ જવાબદારી રહેશે નહિ. જેની તમામ લાગતા વળગતાઓએ નોંધ લેવી.

<u>મારી સુચનાથી</u>
વૈશાલી પ્રકાશભાઈ ઝડફીયા, પ્રકાશભાઈ વલ્લભભાઈ ઝડફીયા

(મસ્જીદ ખરોડ) મોજે : ખરોડ, તા.અંકલેશ્વર, જીલ્લાઃ ભરૂચ

ગુજરાત રાજય વકફ બોર્ડ રજીસ્ટર નંબર : બી-૫૧૧
પદર ફળીયુ, ખરોડ, અંકલેશ્વર, ખરોડ, ભરૂચ-૩૯૪૧૧૫.

ગુજરાત રાજય વકફ બોર્ડના વકફ અધિનિયમ કલમ ૫૬ અને વકફ પ્રોપર્ટી લીઝ ૨૦૧૪(સુધારા) ૨૦૨૦ ના નિયમ-૫ હેઠળ વકફની મિલકત ભાડાપટ્ટે આપવા અંગેની જાહેરાત.
વકફનું નામ : મસ્જીદ ખરોડ, બી-૫૧૧, ભરૂચ
વકફનું સરનામુ : પદર ફળીયુ, ખરોડ, અંકલેશ્વર, ખરોડ, ભરૂચ-૩૯૪૧૧૫.

મોજે	જુનો રેવન્યુ સર્વે નં.	જૂનો બ્લોક નંબર	નવો બ્લોક નંબર	ખાતા નંબર	ક્ષેત્રફળ (ચો.મી.)	હેતુ	જંત્રી મુજબ માસિક ભાડાની અપસેટ વેલ્યુ રૂ.	ભાડેપટ્ટે આપવાના વર્ષ	અન્ય
નાના બોરસરા તા.માંગરોલ જી.સુરત	૧૮૯	૧૭૨	૧૬૩	૨૦૪	૧૮૧૧૪	વાણીજ્ય	૬૦,૦૦૦/-	૩૦	હાલ જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં ભાડેપટ્ટે આપવાની છે.
	૨૮૬, ૩૫૯	૨૩૮	૨૪૪	૨૦૪	૮૦૩૯	વાણીજ્ય	૧૮૮૯૧.૬૫/-	૩૦	હાલ જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં ભાડેપટ્ટે આપવાની છે.

ઉપર દર્શાવેલી જમીન મસ્જીદ ખરોડ, બી-૫૧૧, ભરૂચ વકફ સંસ્થાની માલિકીની છે તે મિલકત હાલ જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં ૩૦ વર્ષ માટે વાણીજ્ય હેતુ માટે ઉક્ત કોષ્ટકમાં દર્શાવેલ મિલકત ભાડાપટ્ટે આપવાની હોય, ઇચ્છા ધરાવનાર ઇસમો/સંસ્થાઓ પાસેથી સીલ બંધ કવરમાં ભાવ મંગાવવામાં આવેલ છે. સીલ બંધ કવર રજીસ્ટર પોસ્ટ એડીથી **તારીખઃ ૧૩/૦૯/૨૦૨૬** સુધીમાં ઉપરોકત સરનામે ટ્રસ્ટને મળી જવા જોઇએ. અન્ય રીતે મળેલા ભાવપત્રકો વિચારણામાં લેવામાં આવશે નહી. ટેન્ડર સાથે ઇ.એમ.ડી. રૂ.૨૫,૦૦૦/- અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરાનો વકફ સંસ્થા મસ્જીદ ખરોડ ના નામનો ડ્રાફ્ટ રાષ્ટ્રીયકૃત બેંકમાં ભરવાનો રહેશે. અન્ય કોઇ રીતે ભરેલી રકમવાળા ભાવી વિચારણામાં લેવામાં આવશે નહીં. **તારીખઃ ૧૪/૦૯/૨૦૨૬** ના રોજ ટ્રસ્ટી મંડળની બેઠકમાં પક્ષકારોની રૂબરૂમાં ભાવપત્રકો ખોલવામાં આવશે અને સૌથી વધુ ભાવ ભરનારને ભાડેથી આપવા બાબતે વકફ સંસ્થા દ્વારા ગુજરાત રાજય વકફ બોર્ડ, ગાંધીનગર સમક્ષ વિગતવાર દરખારત કરવામાં આવશે. તે અંગે ગુજરાત રાજય વકફ બોર્ડ, ગાંધીનગરનો નિર્ણય આખરી ગણાશે.
મુતવલ્લી મંડળ વતી
તા.૦૭-૦૯-૨૦૨૬ — મુખ્ય મુતવલ્લીની સહી અને સરનામું

નીડો હોમ ફાઈનાન્સ લિમિટેડ

(અગાઉ એડેલવેઇઝ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે જાણીતી) ,રજિસ્ટર્ડ ઓફિસ : , પાંચમા માળે,ટાવર ૩ , વિંગ-બી, કોહિનૂર સીટી મોલ, કોહિનૂર સીટી,કિરોલી રોડ,કુર્લા (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૭૦ બ્રાંચ ઓફિસ : ઓફિસ નં. ૩૦૧, ૩૦૨, ૩૦૩, ૩૦૪ ત્રીજા માળે,થર્ડ આય વિઝન બિલ્ડીંગ,શિવાલીક પ્લાઝાની સામે, આઈઆઈએમ -પાંજરાપોળ અમદાવાદ-૩૮૦૦૦૯

ઈ-ઓકશન - વેચાણ માટેની ૧૫ દિવસની વૈધાનિક નોટીસ
સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ ઈ-ઓકશનથી વેચાણ માટે
આથી જાહેર જનતાને અને ખાસ દેવાદાર અને જામીનદારને નોટીસ આપવામાં આવે છે કે તેમની નીચે જણાવેલી ગીરો મિલકતો **'જ્યાં છે જેમ છે' અને 'જે છે તે છે'**ના ધોરણે ઈ-ઓકશનથી વેચાણ માટે મુકવામાં આવનાર છે જે મે. નીડો હોમ ફાઈનાન્સ લિમિટેડ (અગાઉ એડેલવેઇસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે જાણીતી) માં દેવાદાર(રો), સહદેવાદાર(રો) અને જામીનદારો દ્વારા ગીરો મુકી લોન લીધી હતી તેની વસુલાત માટે સલામત ધિરાણકર્તાઓ પાસે કબજા સાથેની નીચે જણાવેલી મિલકતોનું વેચાણ કરવામાં આવનાર છે.

અ. નં.	દેવાદાર(રો), સહદેવાદાર(રો), જામીનદાર(રો)ના નામ	લેણી રકમ	અનામત કિંમત અને ઈએમડી	ઓકશનની તારીખ અને સમય
2	જગદીશ શંકર પાટીલ (દેવાદાર) સંતોષ વી.પાટીલ (સહદેવાદાર) અને વર્ષા જગદીશ પાટીલ (સહ દેવાદાર)	લોન ખાતા નં. LVAPSTH0000084603 ના બાકી **રૂ.૮,૮૦,૬૬૭.૭૮/-** (રૂપિયા આઠ લાખ એંસી હજાર નવસો સડસઠ અને ઈઠ્ઠોતેર પૈસા પુરા)તા.૦૭.૦૯.૨૦૨૬ના સુધીના વત્તા ભવિષ્યનું વ્યાજ અને કાનૂની ખર્ચ	**રૂ.૧૦,૫૦,૫૦૦/-** (રૂપિયા દસ લાખ પચાસ હજાર પાંચસો પુરા) **અર્નેસ્ટ મની ડીપોઝીટ : રૂ.૧,૦૫,૦૫૦/-** (રૂપિયા એક લાખ પાંચ હજાર પચાસ પુરા)	**૩૦-૦૯-૨૦૨૬ ના રોજ સવારે ૧૧ થી બપોરે ૧૨ વાગ્યા સુધી (પાંચ મિનિટના અમર્યાદિત વધારા સાથે)**

મિલકતના નિરીક્ષણની તારીખ અને સમય : ૧૭-૦૯-૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ | વાસ્તવિક કબજાની તારીખ : ૨૭.૦૬.૨૦૨૬
ગીરો મુકેલી મિલકતનું વર્ણન : : ખંડ અને અખંડિત ભાગની સ્થાવર મિલકત ફ્લેટ નં.૨૦૪, સુપર બિલ્ટઅપ એરિયા ક્ષેત્રફળ ૭૬૧.૦૦ ચો.ફૂટ અથવા ૭૦.૬૯ ચો.મી. બીજા માળે સાંઈ વાટીકા નામે જાણીતી બિલ્ડીંગ બિનખેતી જમીન સ.નં.૨૪૬/પૈકી ક્ષેત્રફળ ૨૧૫૫૦.૦૦ ચો.મી. પૈકી પ્લોટ સ.નં.૨૪૬પી૧/પી ૧૩, મોજે છીરી, તા.વાપી, જિ.વલસાડ, ગુજરાત **ચતુઃસીમાઃ** પૂર્વે :રોડ,પશ્ચિમે :પેસેજ,ઉત્તરે:ફ્લેટ નં.૨૦૩, દક્ષિણે : ફ્લેટ નં.૨૦૫

અ. નં.	દેવાદાર(રો), સહદેવાદાર(રો), જામીનદાર(રો)ના નામ	લેણી રકમ	અનામત કિંમત અને ઈએમડી	ઓકશનની તારીખ અને સમય
4	રમેશભાઈ રાનાભાઈ ચૌહાણ (દેવાદાર) અને ગીતાબેન રમેશભાઈ ચૌહાણ (સહદેવાદાર)	લોન ખાતા નં. LSURBOB0000098529 ના બાકી **રૂ.૧૪,૩૪,૩૮૭.૦૮/-** (રૂપિયા ચૌદ લાખ ચોંત્રીસ હજાર ત્રણસો સત્યાંસી અને આઠ પૈસા પુરા) તા.૦૭.૦૯.૨૦૨૬ના સુધીના વત્તા ભવિષ્યનું વ્યાજ અને કાનૂની ખર્ચ	**રૂ.૧૨,૫૪,૬૦૦/-** (રૂપિયા બાર લાખ ચોપ્પન હજાર છસ્સો પુરા) **અર્નેસ્ટ મની ડીપોઝીટ : રૂ.૧,૨૫,૪૬૦/-** (રૂપિયા એક લાખ પચ્ચીસ હજાર ચારસો સાંઇઠ પુરા)	**૩૦-૦૯-૨૦૨૬ ના રોજ સવારે ૧૧ થી બપોરે ૧૨ વાગ્યા સુધી (પાંચ મિનિટના અમર્યાદિત વધારા સાથે)**

મિલકતના નિરીક્ષણની તારીખ અને સમય : ૧૭-૦૯-૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ | વાસ્તવિક કબજાની તારીખ : ૦૯.૦૫.૨૦૨૬
ગીરો મુકેલી મિલકતનું વર્ણન : તમામ અધિકારો ટાઈટલ અને હિતો સાથેની મિલકત એ-ટાઈપ પ્લોટ નં.૨૪૪ (કેજેપી મુજબ પ્લોટ નં.૧૮/એ/૨૪૪,રીસર્વે બ્લોક નં.૧૦૩૯) ક્ષેત્રફળ ૬૦.૨૮ ચો.મી. ની સાથે હરી દર્શન રેસીડેન્સીની અવિભાજિત જમીનનો સપ્રમાણ ભાગ બ્લોક નં.૧૮,૧૯,૨૦ પૈકી ૧,૨૧ અને ૨૭,બ્લોક નં.૧૮ ક્ષેત્રફળ ૧,૩૯,૮૦૭.૦૦ ચો.મી. મોજે ગામ શેખપુર,તા.કામરેજ,જિ.સુરત ફ્લેટની **ચતુઃસીમાઃ** ઉત્તરેઃ પ્લોટ નં.એ-૨૪૫,દક્ષિણે : પ્લોટ નં.એ-૨૪૩,પૂર્વે : સોસાયટીનો રોડ , પશ્ચિમે: પ્લોટ નં.એ- ૨૨૭

નોંધઃ-૧) ઓકશન વેચાણ વેબ સાઈટ: https://sarfaesi.auctiontiger.net દ્વારા થશે અને જે બીડર્સ પાસે માન્ય ઈ-મેલ,ઓળખનો પુરાવો અને ફોટો પુરાવો અને પાનકાર્ડ હોય અને ઈએમડી ડીમાન્ડ ડ્રાફ્ટ/એનઈએફટી/આરટીજીએસ થી ચુકવણી કરી હોય તેઓ જ આ ઓન લાઈન ઈ-ઓકશનમાં ભાગ લઈ શકશે.
૨) રસ ધરાવતા બીડર્સે ઈએમડીની ચુકવણી ડીમાન્ડ ડ્રાફ્ટ/એનઈએફટી/આરટીજીએસથી એડેલવેઇસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડની તરફેણમાં મોકલવાના રહેશે. **બેંકનું નામ :** સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા **ખાતા નં.** ૬૫૨૨૬૮૪૫૧૯૯, સરફાયેસી- ઓકશન - નીડો હોમ ફાઈનાન્સ લિમિટેડ, **આઈએફએસસી કોડ** SBIN0001593
૩) અરજી બીડ ફોર્મની સાથે ઈએમડી ઓનલાઈન મોકલવાની છેલ્લી તારીખ : ૨૯.૦૯.૨૦૨૬
૪)વેચાણના વધુ નિયમો અને શરતો જાણવા માટે કૃપયા અમારી વેબસાઈટ ની મુલાકાત લો https://sarfaesi.auctiontiger.netઅથવા **શ્રી મૌલિક શ્રીમાળીનો ફોન નં. ૯૧-૬૩૫૧૮૯૬૬૪૩/ ૯૧૭૩૫૮૭૮૨૭** ઉપર સંપર્ક સાધવો. હેલ્પ લાઈન ઈ-મેલ આઈડી : Support@auctiontiger.net

મો.નં. ૯૫૫૮૫૩૬૯૭૬/૯૮૯૮૯૨૫૦૪૧ — **સહી/અધિકૃત અધિકારી**
તા.: ૦૮ -૦૯-૨૦૨૬ — **વતિ નીડો હોમ ફાઈનાન્સ લિમિટેડ**
(અગાઉ એડેલવેઇઝ હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતી)

પરીશિષ્ટ ૪ [રૂલ ૮(૧)]
કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)
એડેલવેઈઝ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમિટેડ

રીટેલ સેન્ટ્રલ એન્ડ રજિ. ઓફિસ : એડેલ વેઈસ હાઉસ,સીએસટી રોડના નાકે,કાલિના,મુંબઈ - ૪૦૦૦૯૮

આથી મૂળ ધિરાણકારોએ તેમની આર્થિક જવાબદારીઓ **એડેલ વેઈઝ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમિટેડ**ને સોંપી હતી.જે જુદા જુદા ટ્રસ્ટ ના ટ્રસ્ટી તરીકે કામ કરે છે.(હવે પછી એનો **'ઇએઆરસી'** તરીકે ઉલ્લેખ કરવામાં આવશે).તેમણે સરફાયેસી એકટ ,૨૦૦૨ ના ખંડ ૫ મુજબ કરવામાં આવેલા એસાઈન્મેન્ટ એગ્રીમેન્ટ અનુસાર ઈએઆરસીએ આર્થિક જવાબદારી સંભાળી લેતા એસાઈનરે તમામ અધિકારો, ટાઈટલ, વ્યાજ, ગીરો મુકવામાં આવેલી મિલકત, જામીનગીરીઓ તથા બાયંધરીઓ **ઈએઆરસી**ને તબદીલ કરી હતી અને ઈએઆરસીએ દેવાદાર તરફથી સલામત ધિરાણ આપનાર તરીકેના અધિકારોનો ઉપયોગ કર્યો હતો. ઇએઆરસીના અધિકૃત અધિકારીએ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી, ઈન્ટરેસ્ટ (એકટ),૨૦૦૨ ના ખંડ ૧૩ (૧૨) અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ અંતર્ગત આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરી નીચે જણાવેલા દેવાદાર ને ડીમાન્ડ નોટીસ પાઠવી તેમાં જણાવેલી બાકી લેણી રકમનું ચુકવણું કથિત નોટીસની તારીખથી **૬૦ દિવસમાં** કરી દેવા જણાવવામાં આવ્યું હતું. દેવાદારો લેણી રકમનું ચુકવણું કરવામાં નિષ્ફળ ગયા હોઈ તેમને ખાસ તથા જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે નીચે સહી કરનાર **એડેલ વેઈઝ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમિટેડના** અધિકૃત અધિકારીએ કથિત એકટની પેટા ખંડ (૪) ખંડ ૧૩ ની સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨,ના રૂલ ૮ મુજબ નીચે જણાવેલી તારીખે સ્થાવર મિલકતનો **કબજો** લીધો છે.
આથી દેવાદારોનું ધ્યાન દોરવામાં આવે છે કે તેમની પાસે ગીરો મિલકતને છોડાવવા એકટના ખંડ ૧૩ના પેટા ખંડ(૮) હેઠળની જોગવાઈ મુજબનો સમય છે.
દેવાદાર(રો)ને ખાસ તથા જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે આ મિલકત ઉપર એડેલ વેઈઝ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમિટેડનો તાબો હોઈ એનો કોઈ પણ પ્રકારે સોદો થઈ શકશે નહીં કેમકે આ મિલકત સામેએડેલ વેઈઝ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમિટેડનું નીચે જણાવેલ રકમનું અને ત્યાર બાદના વ્યાજનું લેણું નીકળે છે.

એસાઈનરનું નામ	ટ્રસ્ટનું નામ	લોન ખાતા નં.	દેવાદાર અને સહદેવાદાર(રો)ના નામ	ડીમાન્ડ નોટીસની તારીખ અને રકમ	કબજાની તારીખ	કબજાનો પ્રકાર
Edelweiss Asset Reconstruction Company Limited	EARC TRUST-SC 457	5143307 0000000 2	૧. ઉમા બ્રિજેશ ગુપ્તા (દેવાદાર) ૨. બ્રિજેશ ગુપ્તા (સહદેવાદાર)	Rs. 12,87,947.08/- & 10.03.2026	06-09-2026	વાસ્તવિક કબજો

સુરક્ષિત મિલકતનું વર્ણન : તમામ ખંડ અને અખંડિત ભાગની સ્થાવર મિલકત પ્લોટ નં.૨૩ (કેજેપી બાદ નવો બ્લોક નં.૩૧૮/૨૩) ક્ષેત્રફળ ૪૪.૬૧ ચો.મી. ની સાથે શુભ વિલાની રોડ અને સીઓપીની અવિભાજિત જમીનનો ૨૪.૩૭ ચો.મી. ભાગ રે.સ.નં.૨૫૮/૨, બ્લોક નં.૩૧૮ ક્ષેત્રફળ ૨૪૭૮૭ ચો.મી. અને રે.સ.નં.૨૫૮/૧,બ્લોક નં.૩૧૯ ક્ષેત્રફળ ૭૧૮૩ ચો.મી. મેળવણી બાદ નવો બ્લોક નં.૩૧૮ કુલ ક્ષેત્રફળ ૩૧૯૭૦ ચો.મી. ગામ સાંકી,પેટા જિ.પલસાણા, જિ.સુરત ચતુઃસીમાઃ પૂર્વેઃ સોસાયટીનો રોડ, પશ્ચિમે : પ્લોટ નં.૧૦ , ઉત્તરે : પ્લોટ નં.૨૪,દક્ષિણે : પ્લોટ નં.૨૨
તારીખઃ ૦૬.૦૯.૨૦૨૬ — **અધિકૃત અધિકારી**
સ્થળ : ગુજરાત — **એડેલવેઈસ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમિટેડ**
Edelweiss Asset Reconstruction

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

ઈ-હરાજી વેચાણ નોટીસ
તા. 23-09-2026
સમય : બપોરે 2.00 થી 6.00

ક્ષેત્રીય કાર્યાલય, સુરત શહેરી ક્ષેત્ર, બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડદોડ રોડ, સુરત. ફોન : 0261-2294808 / 4720

સિક્યુરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શીયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002ની સાથે સિક્યોરીટી (ઈન્ટરેસ્ટ) એક્ટ 2002ના રૂલ્સ 6(2) અને રૂલ્સ 8(6) સાથે વંચાણમાં લેતા સ્થાયી મિલકત માટે ઈ-હરાજી દ્વારા વેચાણ.
આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને કરજદાર (ઓ) / ગીરો અને જામીનદાર (ઓ)ને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર / જંગમ મિલકત સિક્યોર્ડ લેણદારને ગીરો / ચાર્જ કરવામાં આવી છે, જેનો કબજો ધિરાણકર્તા દ્વારા લેવામાં આવ્યો છે.
બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારી, સિક્યોર્ડ ક્રેડિટર, 'જેમ છે ત્યાં છે', 'જેમ છે તેમ', 'જે છે તે' અને 'આશ્રય વિના'ના આધારે નીચે દર્શાવેલ ખાતા/ઓમાંથી લેણાંનીવસૂલાત માટે વેચવામાં આવશે, ઓળખાયેલ કોઈપણ લેણાંની જવાબદારી ખરીદનાર પર રહેશે પરંતુ બેંકર પર નહીં.

ક્રમ	શાખા	કરજદાર/જામીનદાર/મોર્ટગેજરનું નામ	મિલકતોનું વર્ણન	મિલકતનો પ્રકાર	બાકી રકમ (રૂપિયામાં)	અનામત કિંમત (રૂપિયામાં)	ઈએમડી (રૂપિયામાં)	કબજાનો પ્રકાર	સંપર્ક અધિકારીનું નામ અને નંબર
01.	આદર્શ સોસાયટી	ડીમ્પલ પટેલ, જશુબેન ઈશ્વરલાલ પટેલ	રહેઠાણીય ઘર જેનો પ્લોટ નં. 274, "**સેન્ટેરીયા મેરીગોલ્ડ**", સમર્થ્ય ફ્લોરેન્સીયા અને સમર્થ્ય સેરેના પાસે, જાફરાબાદ (કેજેપી પ્રમાણે બ્લોક નં. 83/A/274), જે જમીનનો બ્લોક નં. 83/A, ગામ જાફરાબાદ, મોજે જાફરાબાદ, તા. ઓલપાડ, જી. સુરત. એરિયા : 52.09 ચો.મી.	રહેઠાણીય ઘર	19,23,206.00	19,48,000.00	1,94,800.00	પ્રત્યક્ષ	કુનાલ કેશારી 8980026672
02.		વિકાસકુમાર અશોક જયસ્વાલ, બિંદુ વિકાસકુમાર જયસ્વાલ	ઓફિસ નં. 1, પહેલો માળ, બિલ્ડીંગ નં. "A", "**સિદ્ધચક્ર રેસીડેન્સી**", રેવન્યુ સર્વે નં. 324+476, બ્લોક નં. 444, ટી.પી. સ્કીમ નં. 16 (પાલ), મૂળ પ્લોટ નં. 20, ફાઈનલ પ્લોટ નં. 25, ગામ પાલ, તા. સુરત સિટી, જી. સુરત-395009. એરિયા : 1093.95 ચો.ફુટ યાને 101.62 ચો.મી. (કાર્પેટ એરિયા). સાઈટ પ્રમાણે ચતુર્સિમા : ઉત્તર : પાર્કિંગ અને કંપાઉન્ડ વોલ, દક્ષિણ : પેસેજ અને ઓફિસ નં. 2, પૂર્વ : બિલ્ડીંગનો પેસેજ અને બિલ્ડીંગ "B", પશ્ચિમ : માર્જીન સ્પેસ અને કંપાઉન્ડ વોલ.	ધંધાકીય ઓફિસ	99,16,265.00	1,23,07,000.00	12,30,700.00	પ્રત્યક્ષ	
03.	આઈ પાંડેસરા	કવિતા સુરેશ જેના, સુરેશભાઈ પ્રભાકર જેના	રહેઠાણીય ઘર જેનો પ્લોટ નં. 227, "**ગાર્ડન વેલી**", ગાર્ડન સિટી પાસે, જોલવા ગ્રામ પંચાયત પાસે, જોલવા-હલધરૂ ગામ રોડ, રેવન્યુ સર્વે નં. 71, બ્લોક નં. 93, મોજે જોલવા, તા. પલસાણા, જી. સુરત. જમીનનો એરિયા : 732.00 ચો.ફુટ યાને 40.13 ચો.ફુટ, બિલ્ટ અપ એરિયા : 343.00 ચો.ફુટ યાને 31.82 ચો.મી.	રહેઠાણીય ઘર	10,47,002.71	8,16,000.00	81,600.00	પ્રત્યક્ષ	કિશોર અમરેન્દ્ર 8980026637
04.	મગદલ્લા	રજનીભાઈ મનુભાઈ સેલાર	રહેઠાણીય ઘર જે પ્લોટ નં. 7 ખાતે, "**સુખદેવ વિલા**", પાવકી સ્કૂલ પાસે, શેખપુર-વેલંજા રોડ, બ્લોક નં. 67 (રેવન્યુ સર્વે નં. 67, 69, 70, 73, 74, 75, 77, અને 78, રી-સર્વે બાદ નવો બ્લોક નં. 200), મોજે ગામ વેલંજા, તા. કામરેજ, જી. સુરત-394150. પ્લોટનો એરિયા : 83.77 ચો.મી. યાને 99.71 ચો.યાર્ડ.	રહેઠાણીય ઘર	27,95,105.00	27,98,550.00	2,79,855.00	પ્રત્યક્ષ	ગુટગુટીયા સુનિતા કુમારી 8980026653
05.	મોટા વરાછા	MBBN શ્રી ખજાના, રોમી જગદીશ જોષી	શેડ નં. 101, માપ 1176 ચો.ફુટ સુપર બિલ્ટ અપ એરિયા અને 52.44 ચો.મી. બિલ્ટ અપ એરિયા, પહેલો માળ, બિલ્ડીંગ નં. "E" (માન્ય પ્લાન પ્રમાણે બિલ્ડીંગ નં. C), "**ઈવા એમ્બ્રોઈડરી પાર્ક**", બિલ્ડીંગની જમીનમાં અવિભાજીત પ્રમાણસર હિસ્સાનું માપ 37.04 ચો.મી., ફાઈનલ પ્લોટ નં. 217, માપ 3764 ચો.મી., ટી.પી. સ્કીમ નં. 46 (ગોથાણ-ભરથાણા કોસાડ-વરિયાવ), બ્લોક નં. 498/1A (રેવન્યુ સર્વે નં. 305/2 પૈકી), માપ 6273 ચો.મી., ગામ કોસાડ, સબ ડિસ્ટ્રી. અડાજણ, જી. સુરત.	ઈન્ડસ્ટ્રીયલ બિલ્ડીંગ	65,87,063.42	31,75,200.00	3,17,520.00	પ્રત્યક્ષ	નિશાંત કટારીયા 8980026659
06.	પાલ	રીના ઉદય ભારતી, ઉદય રામબ્રીક્સ ભારતી	રહેઠાણીય ઘર જેનો પ્લોટ નં. 157, "**વૃંદાવન પાર્ક**", શિવાયલ રેસીડેન્સી પાસે, રેવન્યુ બ્લોક નં. 7/B યાને રેવન્યુ સર્વે નં. 6/A, ગામ તુંડી, સબ ડિસ્ટ્રી. પલસાણા, જી. સુરત. એરિયા : 40.18 ચો.મી.	રહેઠાણીય ઘર	7,59,156.56	7,25,000.00	72,500.00	પ્રત્યક્ષ	શ્રીવાસ્તવ અપૂર્વા 8980026753
07.	ઉધના - ડીબી	જગદીશ નારાયણદાસ વૈષ્ણવ	બંગલો નં. B-136 (રીવાઈઝડ પ્લાન પ્રમાણે X-136), "**લાભમ બંગલોઝ**" તરીકે જાણીતી સોસાયટી, "લક્ષ્મી વિલા ટાઉનશીપ" તરીકે વિકસીત ટાઉનશીપ, ગજેરા સ્કૂલ પાસે, સબ પ્લોટ નં. 1-H-1 થી H-23, રેવન્યુ સર્વે/બ્લોક નં. 392 થી 395, 426/P, 428/P, 429 થી 433, 434/P, 435, 436/P, 439/P, 440/P, 441/P, 442 થી 458, 459/P, 460/P, 461 થી 464, 465/P, 466, 471/P, 594/P, 595/P, 615/P, 616/P, 619 અને સર્વે નં. 234, 469, 470/P, 472, 478/P, 479/P, 480 થી 485/P, 487/P, 488/P, 498 થી 500, 499/P, 501/P, 503/P, 504, 483 અને 484, ગામ તલંગપોર અને ઉંબેર, સચીન ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, મોજે ગામ તલંગપુર અને ઉંભેળ, સબ ડિસ્ટ્રી. ચોર્યાસી, એરિયા : 67.44 ચો.યાર્ડ યાને 56.39 ચો.મી.	રહેઠાણીય ઘર	10,29,509.21	14,45,000.00	1,44,500.00	સાંકેતિક	ચૌધરી ભરત રાજ 9426597816

સાંકેતિક કબજા હેઠળ મિલકતના વેચાણ માટેના નિયમો અને શરતો : A. મિલકત સાંકેતિક કબજામાં છે અને બિડર પોતાના જોખમે અને જવાબદારીએ સાંકેતિક કબજામાં મિલકત ખરીદી રહ્યા છે. B. બેંક ફક્ત સાંકેતિક રીતે મિલકતનો કબજો સોંપશે અને સફળ હરાજી બોલી લગાવનાર/ખરીદનાર બેંક પાસેથી પ્રત્યક્ષ કબજો મેળવવાનો દાવો કરશે નહીં. C. પ્રત્યક્ષ કબજો સોંપવા માટે બેંક જવાબદાર અથવા ફરજ બંધાયેલ રહેશે નહીં. D. હરાજીમાં સફળ ખરીદનાર પૈસા પરત કરવાના કોઈપણ કિસ્સામાં કોઈપણ વ્યાજનો દાવો કરવા માટે હકદાર રહેશે નહીં. E. હરાજીમાં સફળ ખરીદનારે ઈ-હરાજી પછી તરત જ ઉપરોક્ત નિયમો અને શરતોની પુષ્ટિ કરતી ઘોષણા કમ અન્ડરટેકિંગ સબમિટ કરવાનું રહેશે. F. વેચાણ પછી જો સફળ બોલી લગાવનાર વ્યક્તિ ઘોષણાપત્ર કમ બાંયધરી રજૂ કરવામાં નિષ્ફળ જાય, તો બિડ EMD રકમ જપ્ત કરવામાં આવશે (જેના માટે દરેક બોલી લગાવનાર વ્યક્તિ જ્યારે BAANKNET પોર્ટલમાં ઈ-હરાજીમાં ભાગ લેવા માટે નિયમો અને શરતો સ્વીકારે છે ત્યારે તેણે તેની સંમતિ આપી હોવાનું માનવામાં આવશે).

કરજદાર / જામીનદાર / મોર્ગેજરને સરફેસી એક્ટ હેઠળ 15 દિવસીય કાયદાકીય વેચાણ નોટીસ | ન્યૂનતમ બિડ વધારાની રકમ રૂપિયા 10,000/- (રૂપિયા દસ હજાર પૂરા) | મિલકતનું નિરીક્ષણ તા. 08-09-2026 થી શરૂ

વેચાણના નિયમો અને શરતો અંગેની વધુ માહિતી માટે https://bankofbaroda.bank.in/e-auction અને ઓનલાઈન હરાજી પોર્ટલ માટે https://baanknet.com તથા ફોન : 0261-2294808/4720 નો સંપર્ક કરો.

વેચાણના નિયમો અને શરતો અંગેની વધુ માહિતી માટે QR CODE સ્કેન કરો

સ્થળ : સુરત. | તારીખઃ 07-09-2026 (આ હરાજી નોટીસનું અંગ્રેજીમાંથી અન્ય ભાષામાં અનુવાદ કરતી વખતે કોઈ ક્ષતિ થયેલ જણાશે તો અસલ અંગ્રેજી લખાણ જ માન્ય ગણાશે) **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા.**